# 53

**અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના**

**★15/4/2386 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારના લાભો આપવામાં આવે છે.

**જવાબ**

(૧) વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના હેઠળ મહિલાઓને નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

- મહિલાઓના સામાજિક, આર્થિક,કૌટુંબિક,અને કાયદાકીય પ્રશ્નોમાં માર્ગદર્શન પૂરૂ પાડવું
- સરકારી/બિનસરકારી ઔધોગિક ગૃહોમાં ઉપલબ્ધ રોજગારીની જાણકારી આપવી તેમજ વધુમાં વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા, ગુજરાત આર્થિક વિકાસ નિગમ દ્વારા ચાલતા આઈ.ટી.આઈ ના વર્ગોમાં વધુને વધુ મહિલા લાભાર્થીઓને મોકલવાની કામગીરી.
- કિશોરીઓને કારકિર્દી તથા સ્વવિકાસ માટે માર્ગદર્શન પુરૂ પાડવું.
- સરકારશ્રી દ્વારા જાહેર કરેલ સર્વિસ પ્રોવાઈડર દ્વારા ઘરેલું હિંસા અધિનીયમ ૨૦૦૫ હેઠળ ડી.આઈ.આર નોંધવાની તથા પિડીત મહિલાને સંપૂર્ણ રીતે મદદરૂપ થવાની સઘળી કાર્યવાહી કરવી.
- મહિલાઓને લગતી સમસ્યાઓ બાબતે સમયાંતરે જાગૃતિ અભિયાન

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ શહેર અને જિલ્લામાં કેટલી અને કઈ સંસ્થાઓ ઉક્ત યોજનાના કેન્દ્રો ચલાવે છે, અને

**જવાબ**

(૨) ઉક્ત સ્થિતિએ શહેર અને જિલ્લામાં કુલ ૧૯ સંસ્થાઓ આ યોજનાના કેન્દ્રો ચલાવે છે જેની યાદી નીચે મુજબ છે.

| વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રનું નામ: | અમલીકરણ સંસ્થાનું નામ |
|---|---|
| ૧) વિવિધલક્ષી કેન્દ્ર– રામોલ | પ્રતિક વિકાસ મંડળ –રામોલ |
| ૨) વિવિધલક્ષી કેન્દ્ર– ઘાટલોડીયા | માનવ કલ્યાણ ટ્રસ્ટ(જિલ્લા કેન્દ્ર)–શહેર |
| ૩)વિવિધલક્ષી કેન્દ્ર–લાલ દરવાજા | અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ–લાલ દરવાજા |
| ૪)વિવિધલક્ષી કેન્દ્ર– પાલડી | અખંડ જ્યોત ચેરિટી ટ્રસ્ટ–પાલડી |
| ૫)વિવિધલક્ષી કેન્દ્ર– નરોડા | અખંડ જ્યોત ચેરિટી ટ્રસ્ટ–પાલડી |
| ૬)વિવિધલક્ષી કેન્દ્ર–એલિસબ્રિજ | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ–એલિસબ્રીજ |
| ૭)વિવિધલક્ષી કેન્દ્ર– ચાંદલોડીયા | વાત્સલ્ય ટ્રસ્ટ– ચાંદલોડીયા |
| ૮) વિવિધલક્ષી કેન્દ્ર–જુહાપુરા | અમદાવાદ મુસ્લીમ વિમેન એસોસીએશન–જુહાપુરા |
| ૯) વિવિધલક્ષી કેન્દ્ર– દસ્ક્રોઈ | વિશ્વભારતી સંસ્થા– દસ્ક્રોઈ |

| | |
|---|---|
| ૧૦) વિવિધલક્ષી કેન્દ્ર– સાણંદ | દધીસુતા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર–સાણંદ |
| ૧૧) વિવિધલક્ષી કેન્દ્ર–સાબરમતી | માનવ કલ્યાણ ટ્રસ્ટ–સાબરમતી |
| ૧૨) વિવિધલક્ષી કેન્દ્ર–અસારવા | શ્રી ભગવતી મહિલા ઉત્કર્ષ મંડળ–અસારવા |
| ૧૩)વિવિધલક્ષી કેન્દ્ર–ઓઢવ | પ્રતિક વિકાસ મંડળ–ઓઢવ |
| ૧૪)વિવિધલક્ષી કેન્દ્ર–હાંસોલ | રવિ ખાદી ગ્રામોધ્યોગ સંઘ–હાંસોલ |
| ૧૫) વિવિધલક્ષી કેન્દ્ર–નિકોલ | સંસ્કૃતિ મહિલા ઉત્કર્ષ કેન્દ્ર–નિકોલ |
| ૧૬) વિવિધલક્ષી કેન્દ્ર–ધંધુકા | અમદાવાદ મુસ્લીમ વિમેન એસોસીએશન–ધંધુકા |
| ૧૭) વિવિધલક્ષી કેન્દ્ર–સરખેજ | વિશ્વભારતી સંસ્થા–સરખેજ વિશ્વભારતી સંસ્થા(જિલ્લા કેન્દ્ર)ગ્રામ્ય |
| ૧૮) વિવિધલક્ષી કેન્દ્ર–માંડલ | શ્રી વિવેકાનંદ સમુત્થાન માનવ સેવા અને કેળવણી ટ્રસ્ટ–માંડલ |
| ૧૯) વિવિધલક્ષી કેન્દ્ર–બાવળા | વિશ્વભારતી સંસ્થા–બાવળા |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર અને જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૬૮,૦૦૪ લાભાર્થીઓને લાભ આપાવામાં આવેલ છે.

| શહેર | | ગ્રામ્ય | | કુલ |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી–૨૦૨૧ થી જાન્યુઆરી –૨૦૨૨ | ફેબ્રુઆરી–૨૦૨૨ થી જાન્યુઆરી –૨૦૨૩ | ફેબ્રુઆરી–૨૦૨૧ થી જાન્યુઆરી –૨૦૨૨ | ફેબ્રુઆરી–૨૦૨૨ થી જાન્યુઆરી –૨૦૨૩ | |
| ૧૪,૧૮૭ | ૧૪,૯૧૯ | ૧૯,૦૦૫ | ૧૯,૮૯૩ | ૬૮,૦૦૪ |

---------------